# શું આપ આ તક ચૂકી ગયા?

**Return Scrutiny and Audit under GST | Export – Incoterms and Logistic, Pricing | Webinar on "Paradip Plastic Park" પર સેમિનાર**

GSPMA અને IPI અમદાવાદ ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪.૦૯.૨૦૨૩ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં GSPMA/IPIના ૧૧૦ ઉપરાંત સભ્યોએ હાજર રહી ભાગ લીધો હતો.




પ્રારંભમાં GSPMAના ઉપપ્રમુખ શ્રી વિજય જાવીયા અને IPIના ગર્વનિંગ કાઉન્સીલના ચેરમેન શ્રી અભય ઉપાધ્યે પ્રસંગોચિત ઉદબોધન કર્યા હતા અને વિદ્વાન વકતાઓનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કઠવાડા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ઉપપ્રમુખ શ્રી જનકભાઈ પટેલ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.








સેમિનારમાં GST અંતર્ગત રિટર્ન સ્ક્રૂટીની તેમજ ઓડિટ સંબંધિત વિવિધ પાસઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરતાં સ્ટેટ GSTના આસી. કમિશ્નર શ્રીમતી અમીબેન જસાણીએ માહિતી આપતાં તે થકી વિભાગીય કાર્યવાહીની સરળ સમજ અને તે માટે વિશેષરૂપે ધ્યાન રાખવાના મુદ્દાઓ પર વ્યાપક પ્રકાશ પાડ્યો અને સભ્યોએ પૂછેલ પશ્નોનાં સંતોષકારક ઉત્તરો પણ આપ્યા હતા.

જ્યારે એક્સપોર્ટ ઇમ્પોર્ટ ટ્રેનર શ્રી પરેશભાઈ સોલંકીએ એક્સપોર્ટ અને ઇમ્પોર્ટ માટે જરૂરી ઈન્કોટમ્સ, નિકાસ માલ પરિવહન માટેની ઉપયોગી વિવિધ રસપ્રદ માહિતી સાથે તેના માટે જરૂરી એવું એક્સપોર્ટ કે ઇમ્પોર્ટ વખતે કિમતો નક્કી કરવાની સરળ પદ્ધતિ વિષયે જરૂરી તમામ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરી હતી. જેને સૌએ રસપૂર્વક સાંભળી તેના અમલના ફાયદા વિષે પણ માહિતી મેળવી હતી.





ઇંડિયન ઓઇલ કોર્પોરેશન દ્વારા ઓડિશા ખાતે ૨૮૦ એકર જગ્યામાં આરંભ કરાયેલ "પારાદીપ પ્લાસ્ટિક પાર્ક" વિષે વિસ્તૃત માહિતી તેના નૉમિનેટેડ ડાયરેક્ટર અને IOCLના પેટ્રોકેમિકલ્સ વિભાગના જનરલ મેનેજર શ્રી ધનંજય સાહૂ એ માહિતી આપતાં તેના વિવિધ પાસાઓ અંગે ઓનલાઇન જોડાઈ પ્રેઝન્ટેશન આપ્યું હતૂ.









આગામી પ્લેક્ષપોઈન્ડિયા ૨૦૨૪ના આયોજન વિષે GSPMAના પૂર્વ પ્રમુખ શ્રી શૈલેષભાઈ પટેલે માહિતી આપી સૌને જોડાવા આમંત્રણ આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી જયેશભાઈ પટેલે સફળતાપૂર્વક કર્યું હતું. સેમિનારનું સમાપન આભારવિધિ અને રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યુ હતું.

- * - * -